**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,**

**મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,**

**પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ૦૦૭.**

**સમક્ષ**

**કેસ નં. એમ.જી. I-૦૮-૨૦૧૫-૧૬**

અરજદાર: શ્રી વિપુલભાઇ દિનુભાઇ પટેલ,
ઠે. પ્રાઇમ વેલોસીટી, ઝલક હોટલ પાસે,
કેનાલ રોડ, નડીયાદ, જી.: ખેડા.

રજુઆત કરનાર: ગેરહાજર

સામાવાળા: નાયબ ઇજનેર
મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,
નડીયાદ સબ-ડિવિઝન.

રજુઆત કરનાર: શ્રી એચ. એલ. ભલસોડ, નાયબ ઇજનેર, નડીયાદ વેસ્ટ સીટી સબ-ડિવિઝન.

ફરીયાદીની તા. ૧૭.૦૪.૨૦૧૫ ના રોજની મીટર બદલવાની તથા ખોટા બીલના નાણાં રીફંડ આપવા બાબતની અરજ.

તા. ૦૧.૦૫.૧૫, ૨૧.૦૫.૧૫ અને ૨૯.૦૫.૧૫ ના રોજ ફરિયાદીની ફરિયાદ ગ્રાહક નિવારણ ફોરમ સમક્ષ સુનવણી રાખવામાં આવેલ. જેમાં ફરિયાદી ત્રણે મુદતમાં ગેરહાજર રહ્યા. સામાવાળા તરફે નાયબ એન્જીનીયર, શ્રી એચ. એલ. ભલસોડ, એમ.જી.વી.સી.એલ. નડીયાદ વેસ્ટ સીટી સબ-ડિવિઝન તા. ૦૧.૦૫.૨૦૧૫ ના રોજ હાજર રહ્યા.

ફરીયાદીની ટૂંકમાં વિગત એવી છે કે,

૧. ફરિયાદી ગ્રાહક નં. ૦૦૨૦૬/૧૦૩૪૧/૭ થી વાણીજ્ય વીજ જોડાણ ઘણા વર્ષોથી ધરાવે છે અને નિયમીત બીલની ચુકવણી કરે છે.

૨. ફરિયાદીને ત્યાં સામાવાળા કચેરીમાંથી અધિકારીઓ તા. ૦૩.૦૨.૨૦૧૫ ના રોજ વિજ પ્રસ્થાપનનીચકાસણી માટે આવેલ અને જણાવેલ કે, ફરિયાદીનું મીટર ૩૦.૬૪૮% ધીમું ફરે છે અને તે અંગે તા. ૦૬.૦૨.૨૦૧૫ ના રોજનો પત્ર લખી રૂા. ૩૩,૧૩૨.૯૪ ભરવા જણાવેલ.

૩. ફરિયાદીએ તા. ૩૧.૦૩.૧૫ ના રોજ સામાવાળા દ્વારા આપવામાં આવેલ બીલના નાણાં વાંધા સાથે ભરપાઇ કરેલ. તેમ છતાં સામાવાળાએ મીટર બદલી આપેલ નથી.

૪. ફરિયાદીએ તા. ૩૧.૦૩.૧૫ ના રોજ ભરેલ વીજ બીલના નાણાં પરત મેળવવા તેમજ જૂનું મીટર બદલીને નવું મીટર નાંખી આપવા માટે અરજ ગુજારેલ છે.

ફરિયાદીને તા. ૦૧.૦૫.૧૫, ૨૧.૦૫.૧૫ અને ૨૯.૦૫.૧૫ ના રોજ હાજર રહેવા નોટીસ બજાવવા છતાં ફરિયાદી એક પણ મુદતમાં હાજર રહેલ નથી. તા. ૦૧.૦૫.૧૫ ના રોજ ફરિયાદીના મેનેજર શ્રી શાશ્વત મહેતા ફરિયાદી વતી તેઓની મુદત અરજ રજૂ કરવા હાજર રહેલા. મુદત અરજમાં ફરિયાદીએ લખી જણાવેલ કે; ફરિયાદીને તા. ૦૧.૦૫.૧૫ થી તા. ૧૨.૦૫.૧૫ સુધી આકસ્મીક કારણે સામાજીક પ્રસંગે બહારગામ જવાનું થયેલ હોવાથી ફોરમ સમક્ષ હાજર રહી શકશે નહીં અને તેથી મુદત આપવા માંગણી કરેલ. જેથી ફરિયાદીને તા. ૨૧.૦૫.૧૫ અને તા. ૨૯.૦૫.૧૫ ના રોજ હાજર રહેવા નોટીસ પાઠવેલ. પરંતુ ફરિયાદી હાજર રહેલ નથી. તેથી ફરિયાદીની ગેરહાજરીમાં ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

સામાવાળા તરફે શ્રી એચ. એલ. ભલસોડ, નાયબ એન્જીનીયર, નડીયાદ વેસ્ટ સીટી સબ-ડિવિઝન ના હાજર રહ્યા અને જણાવ્યું કે, ફરિયાદીનું કનેક્શન તા. ૦૩.૦૨.૧૫ ના રોજ ચેક કરવામાં આવેલ. એક્યુચેક મીટર ચેકીંગમાં ફરિયાદીનું મીટર ૩૦.૬૪૮% ધીમું ફરતું માલમ પડેલ. મીટર એમ.આર.આઇ. વિગત માં ૧૭૫ દિવસની સ્લોનેસ જણાઇ આવેલ. મીટરમાં Y ફેઝ પી.ટી. મળતી ન હતી. તા. ૦૬.૦૨.૧૫ ના રોજ રૂા. ૩૩,૧૩૨.૯૪ નું બીલ આપવામાં આવેલ. ફરિયાદીએ તેઓના વકીલ મારફત તા. ૨૦.૦૨.૧૫ ના રોજ નોટીસ આપેલ. સામાવાળાએ નોટીસનો જવાબ તેઓના એડવોકેટ મારફત તા. ૨૭.૦૨.૧૫ ના રોજ આપેલ.

ગ્રાહક દ્વારા તા. ૩૧.૦૩.૧૫ ના રોજ વાંધા સાથે બીલ ભરવામાં આવેલ. તા. ૨૧.૦૪.૧૫ ના રોજ જુના મીટરની સીરીઝમાં નવું મીટર લગાડવામાં આવેલ છે. તા. ૩૦.૦૪.૧૫ ના રોજ જુના અને નવા મીટરના રીડીંગ જોવામાં આવેલ. જુના મીટરમાં રીડીંગ તફાવત ૮૧૯ યુનિટ હતા જ્યારે નવા મીટરમાં રીડીંગ તફાવત ૧૩૯૦ યુનિટ હતા. આમ, જૂનું મીટર ૪૧.૦૮% ધીમુ ફરતું હતું તેમ પ્રસ્થાપિત થાય છે.

ફોરમના સભ્યો સુનવણી દરમ્યાન હાજર રહ્યા. ફરિયાદીની ફરિયાદ અરજ; સામાવાળા તરફે કરવામાં આવેલ રજૂઆત તેમજ રજૂ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાની ચકાસણી કરી અને એ નિર્ણય ઉપર આવ્યા કે; સામાવાળાએ ફરિયાદીના મીટરની એક્યુ ચેકથી તા. ૦૩.૦૨.૧૫ ના રોજ ચકાસણી કરેલ. મીટર ૩૦.૬૪૮% ધીમું ફરતું માલુમ પડેલ. મીટરના એમ.આર.આઇ. મારફતે મીટરમાં સ્ટોર થયેલી વિગતો લેવામાં આવેલ અને તે મુજબ ૧૭૫ દિવસથી મીટર ધીમું ફરતું હોવાનું માલુમ પડેલ અને વાય ફેસ પી.ટી. મળતી ન હતી. મીટરના ધીમું ફરવા અંગેનું વિજ બીલ આપવામાં આવેલ. જે ફરિયાદીએ વાંધા સાથે ભરેલ છે. વધુ ચકાસણી માટે ફરિયાદીના વિજસ્થાપન ઉપર સીરીઝમાં મીટર તા. ૨૧.૦૪.૧૫ ના રોજ મૂકવામાં આવેલ. તા. ૩૦.૦૪.૧૫ ના રોજ જૂનું મીટર નવા મીટર કરતાં ૪૧.૨૮% ધીમું ફરતુ જણાઇ આવેલ છે. જેથી સામાવાળાએ ફરિયાદીને મીટર ધીમું ફરવા અંગેનું આપેલ બીલ બરાબર છે. ગુજરાત વિજ નિયમન પંચની કલમ ૬.૧.૮ મુજબ આ બિલ ૧૮૦ દિવસથી વધારે નથી જેથી તેના રીફંડ આપવાનો કે નાણાં બીજા બીલમાં મજરે આપવાનો સવાલ ઉપસ્થિત થતો નથી. તેમજ સામાવાળાએ ફરિયાદીને મીટર બદલી આપેલ છે. જે અંગે કોઇ હુકમ કરવાનો રહેતો નથી. તેમ ઠરાવી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## હુકમ

ફરિયાદીશ્રી વિપુલભાઇ દિનુભાઇ પટેલ, ઠે. પ્રાઇમ વેલોસીટી, ઝલક હોટલ પાસે, કેનાલ રોડ, નડીયાદ, જી.: ખેડા ના ને હુકમ કરવામાં આવે છે કે સામાવાળાએ મીટરના ધીમા ફરવા અંગે તા. ૦૬.૦૨.૧૫ ના રોજ આપેલ રૂા. ૩૩,૧૩૨.૯૪ નું બીલ બરાબર છે.

| | | |
|---|---|---|
| (એ. જી. શાહ) | (હર્ષા એસ. ચૌહાણ) | (પી. જે. પટેલ) |
| ટેકનિકલ મેમ્બર | ઇન્ડીપેન્ડન્ટ મેમ્બર | ચેરપરસન |

આપને ફોરમના ઉપરોક્ત ઓર્ડરથી અસંતોષ હોય તો આપ સ્ટાફ ઓફિસર, ઇલેક્ટ્રીસીટી ઓમ્બડસમેન્ટની ઓફિસ, ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન, બેરેક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. જીઇઆરસી નોટીફિકેશન ૨૦૧૫ ના નોટીફિકેશન નં. ૪ ના ચેપ્ટર નં. ૫ ના ક્લોઝ નં. ૧૩ મુજબ. ઓમ્બડસમેન્ટ સમક્ષ રજૂઆત કરી શકો છો.

<u>વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂઆત કરવાની કાર્ય પદ્ધતિ</u>:

(૧) ફોરમના હુકમની તારીખથી ૩૦ દિવસની અંદર વિદ્યુત લોકપાલને રજુઆત કરવી આવશ્યક છે.

(૨) અરજી વિદ્યુત લોકપાલની ઓફિસે મોકલવી તથા તે અરજીની નકલ તમામ સામાવાળા પક્ષકારોને આપવાની રહેશે.

(૩) ફરિયાદીના નામ / સરનામા સાથે સહીવાળી લેખિત રજૂઆત કરવી.

(૪) રજૂઆત સોગંદનામા સહિત હોવી જરૂરી છે.

(૫) ફોરમ સમક્ષ કરેલ અરજી તથા ફોરમે કરેલ હુકમની ખરી નકલ બિડાણ કરવાની રહેશે. અરજી સાથે ખરાઇ (સર્ટીફાઇડ) કરેલ દસ્તાવેજો જોડવા જરૂરી છે.

(૬) ફોરમના હુકમ મુજબ ફરિયાદીને જો કોઇ રકમ ભરપાઇ કરવાની થતી હોય તો તે રકમના ત્રીજા ભાગની રકમ ભરપાઇ કરી તેના પુરાવા અરજી સાથે બિડવાના રહેશે.

(૭) સદર ફરિયાદ કોઇ પણ સક્ષમ ફોરમ અથવા કોઇ પણ કોર્ટ, ટ્રીબ્યુનલ, આરબીટ્રેટર, કે અન્ય કોઇ ઓથોરીટી સમક્ષ પડતર ન હોવી જોઇએ.

(૮) બધી જ રજૂઆતો પ્રથમદર્શીય નુકશાન અને અગવડતાના સંદર્ભમાં પુરતા અને વાજબી કારણોસરની હોવી જોઇએ.

(૯) રજુઆત અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં કરી શકાશે.